**રેગ્યુલર સમરી દાવા નં.૦૫/૨૦૨૬**

**આંક–૧ લગત હુકમ**

હાલનો દાવો આ કામે વાદી દ્ધારા સી.પી.સી.ઓડર ૩૭ હેઠળ સમરી સ્યુટ તરીકે તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ પ્રતિવાદી પાસેથી રૂ.૩,૦૦,૦૦૦/-(અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) વસુલ મેળવવા માટે રજુ કરવામાં આવેલ છે અને દાવો રજુ કરતા સમયે દાવાના કામે ભરવાની થતી કોર્ટ ફી સ્ટેમ્પ રૂ.૯,૯૫૦/- રજુ કરવા માટે વાદી તર્ફે મુદત માંગવામાં આવતા વાદીને દીન-૭ ની મુદત આપવામાં આવેલ છે. પરંતુ ત્યારબાદ મુદત તારીખ ૧૧/૦૩/૨૦૨૬ ના રોજ વાદી તર્ફે કોર્ટ ફી રજુ કરવામાં આવેલ નથી એટલુ જ નહી ત્યારબાદની મુદત તારીખ ૧૮/૦૩/૨૦૨૬ ના રોજ વાદી તર્ફે કોર્ટ ફી રજુ કરવા માટે મુદત અરજી રજુ થતા આજ રોજ ની મુદત તારીખ આપવામાં આવેલ છે પરંતુ આજ રોજ વાદી જાતે કે વકીલ મારફતે કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી તેમજ વાદી તર્ફે કોઈ મુદત અરજી કે દાવાના કામે ભરવાની થતી કોર્ટ ફી પણ રજુ કરવામાં આવેલ નથી. આમ આ કામે વાદીને દાવાના કામે ભરવાની થતી કોર્ટ ફી રજુ કરવા માટે આપવામાં આવેલ સમય મર્યાદામાં વાદી દ્ધારા કોર્ટ ફી રજુ કરવામાં આવેલ ન હોય તથા આજ રોજ વાદી કે તેમના વકીલશ્રી કોર્ટ સમક્ષ હાજર પણ રહેલ ન હોય વાદીની દાવા અરજી સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ (સી) હેઠળ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૨૪ માર્ચ સને ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

તારીખ.૨૪/૦૩/૨૦૨૬

(કુનાલ રાજેશભાઈ રાઠોડ)
એડીશનલ સીનીયર સીવીલ જજ
પોરબંદર
(કોડ નં. જીજે–૦૧૧૨૯)